# ફાર્મ ટેકનોલોજી ટ્રેનિંગ સેન્ટર, નેનપુર-સણસોલી દ્વારા ખેતીવાડી ખાતાના સુપર વર્ગ-૧, વર્ગ-૧ અને વર્ગ-૨ કક્ષાના અધિકારીઓની તાલીમ યોજાઈ

આણંદ કૃષિ યુનિવર્સિટીના , ફાર્મ ટેકનોલોજી ટ્રેનિંગ સેન્ટર, નેનપુર દ્વારા ખેતીવાડી ખાતાના સુપર વર્ગ-૧, વર્ગ-૧ અને વર્ગ-૨ કક્ષાના અધિકારીઓની તાલીમ યોજાયેલ જેમાં ગુજરાત રાજ્યના ચાર જિલ્લાના સુપર વર્ગ-૧ , વર્ગ-૧ અને વર્ગ-૨ કક્ષાના અધિકારીઓ માટેની તાલીમમાં ડૉ. ડી. બી. પ્રજાપતિ , સહ સંશોધન વૈજ્ઞાનિક અને યુનિટ અધિકારી , કૃષિ સંશોધન કેન્દ્ર , સણસોલી દ્વારા ડાંગર, દિવેલા , શાકભાજી, કઠોળ, કેળ, ઘાસ ચારાની મકાઇ ,બાજરી અને રજકો જેવા પાકોમાં છેલ્લા ૨ વર્ષમાં આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા શોધાયેલી નવીન જાતોની પ્રેઝન્ટેશન દ્વારા ફોટોગ્રાફ્સ સાથે વિગતવાર માહિતી આપવામાં આવેલ હતી, તાલિમ દરમ્યાન નવીન જાતો અંગે ઉપસ્થિત પ્રશ્નોતરીના જવાબ આપેલ હતા. ડૉ. ભરતભાઇ ઠક્કર, મદદનીશ વિસ્તરણ શિક્ષણ શાસ્ત્રીએ ફાર્મ ટેકનોલોજી ટ્રેનિંગ સેન્ટર, નેનપુર દ્વારા વિસ્તરણની માહિતી આપેલ અને ડૉ. તારક પટેલ, રીસર્ચ એસોસિએટ દ્વારા તાલીમનુ સંકલન કરવામાં આવેલ હતુ.

સદર તાલીમમાં ગુજરાત ખેતીવાડી ખાતાના શ્રી એન. એમ. શુક્લા, સંયુક્ત ખેતી નિયામક (વિસ્તરણ), અમદાવાદ તેમજ ખેડા , આણંદ, અમદાવાદ, ગાંધીનગર જીલ્લાના જીલ્લા ખેતીવાડી અધિકારીઓશ્રી, નાયબ ખેતી નિયામકો (વિસ્તરણ), નાયબ ખેતી નિયામકો (તાલીમ), મદદનીશ ખેતી નિયામકો અને ખેતી અધિકારીઓ જેવા વર્ગ -૧ અને વર્ગ -૨ ના કુલ ૧ 3 અધિકારીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધેલ હતો.







